**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૫ ફેબ્રુઆરી ૨૦૧૨**

## પશ્ચિમ રેલ્વે લોકલસેવા નું નવું સમયપત્રક બનાવવામાં આવે, ચર્ચગેટ - દહાણૂ લોકલ શરૂ કરો - રામ નાઈકની માગણી

**મુંબઈ,રવિવાર :** "પશ્ચિમ રેલ્વનો વિદ્યુત પુરવઠો હવે ડી.સી ને બદલે એ.સી.લાઈનમાં પરિવર્તીત થયો હોવાને કારણે ગાડીઓની ગતી દર કલાકે ૮૦ કિલોમીટર થી ૧૦૦ કિલોમીટર થનાર છે. પાછલાં અનેક વર્ષોમાં લોકલ ગાડીઓનું સમયપત્રક બદલવામાં આવ્યું ન હતું, તે હવે નવું સમયપત્રક બનાવવામાં આવે તેમજ ચર્ચગેટ થી દહાણૂ તેવો એ.સી. વિદ્યુત પ્રવાહ થવાને કારણે સીધી ચર્ચગેટ-દહાણુ ગાડીઓ શરૂ કરવામાં આવે " તેવી બે માગણીઓમાજી રેલ્વે રાજય પ્રધાન (સ્વતંત્ર પ્રભાર) એ રવિવારે બહાર પાડવામાં આવેલ અખબારી યાદીમાં કરેલ છે. શ્રી રામ નાઈકના કાર્યકાળમાં જ મુંબઈ રેલ્વે વિકાસ મંડળની (એમઆરવ્હીસી) સ્થાપના કરી જુદાજુદા પ્રકલ્પ મંજૂર થયા હતા, તેમાનો ડી.સી. થી એ.સી. પરિવર્તન કરવાનો પ્રકલ્પ હતો.

બંન્ને માગણીઓ સંબંધી વધુ માહિતી આપતા શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, " પશ્ચિમ રેલ્વે પરની અમુક ગાડીઓ ડી.સી. પર તો અમુક ગાડીઓ એ.સી. પર ચાલતી હોવાને કારણે લોકલ સેવાની ગાડીઓનું સમય-પત્રક ૮૦ કિલોમીટરના આધારે બનાવવામાં આવ્યું હતું. એમઆરવ્હીસીની સ્થાપના કરતી વેળા ઉપનગરી રેલ્વે માટે એ.સી વિદ્યુત પુરવઠો પૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય જૂન ૨૦૦૮ નકકી થયો હતો. તે હવે સાડાત્રણ વર્ષે પૂરો થાય છે. આ લાસરિયાપણા ને કારણે મુસાફરો ને અતિશય હાલાકી ભોગવવી પડી. છતાંય આ કાર્ય પૂર્ણ થયાનો મુસાફરો ને ફાયદો ત્યારે જ મળશે જયારે હાલનું સમય પત્રક બદલવામાં આવશે. એ સિવાય ૮૦ ની ગતી ૧૦૦ કિ.મી. થવાનો અર્થ ૨૫ ટકાનો વધારો થાય. સમયની થનારી બચત ને કારણે અધિક સેવા વધરવાની ક્ષમતા નિર્માણ થયેલ છે. તેથી સુધારિત નવું સમય-પત્રક તાત્કાલિક બનાવવું જોઈએ. અને તે કરતી વેળાં પ્રવાસી સંગઠનોને પણ વિશ્વાસમાં લેવા જોઈએ. ચર્ચગેટ - વિરાર સિગ્નલ વ્યવસ્થાનું પણ અત્યાધુનિકરણ થવાથી ૧૦૦ કિલોમીટર ની ગતીએ ટ્રેનો દોડાવવામાં હવે કોઈ જાતની અડચણ નથી."

ચર્ચગેટ - દહાણૂ સીધી ગાડીઓ શરૂ કરવાની માગણી બદલ શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, " ચર્ચગેટ થી દહાણુ આ સંપૂર્ણ માર્ગ હવે એ.સી થયેલ છે. તેમજ રૂ. ૫૬.૭૦ કરોડ ખર્ચ કરી વિરાર - દહાણૂ રેલ્વે માર્ગ નું પહોળા કરવાનું કામ પણ હવે પૂર્ણ થયેલ છે. ગાડીઓ દોડાવવાની ગતી ૨૫ ટકે વધી હોવાથી હવે અમુક વધારાના રેકસ પણ (ગાડીઓ) ઉપલબ્ધ થશે. તેથી ચર્ચગેટ - દહાણૂ સીધી ગાડીઓ શરૂ ન કરવા માટે કોઈ ટેકનીકલ કારણો બાકી રહ્યા નથી."

"ચર્ચગેટ - દહાણૂ લોકલ શરૂ કરવા બાબતે રેલ્વે પ્રધાન શ્રી દિનેશ ત્રિવેદી ની વ્યકતીગત બે વખત મુલાકાત લઈ મેં તેમની સાથે ચર્ચા કરેલ છે. ૧૫ મે ૨૦૧૧ ના નાલાસોપારા ખાતે થયેલ પ્રવાસિ પરિષદની પણ તેમને માહિતી આપી હતી. તેમજ રેલ્વે પ્રશાસન દ્વારા બતાવવામાં આવતી અડચણો ખોટી હોવાનું તેમના ધ્યાનમાં લાવવામાં આવ્યું હતું. હવે ગરજ છે રેલ્વે પ્રધાને રાજકીય ઈચ્છાશકતિ બતાવી નિર્ણય લેવાની," આમ પણ શ્રી રામ નાઈકે નિવેદનના અંતે કહેલ છે.

**(કાર્યાલય મંત્રી)**